**ટાટા બેલેન્સડ ફંડ**

(An Open Ended Balanced Fund)

**TATA MUTUAL FUND**

Expertise that's trusted




# સ્થિર આવક અને વૃદ્ધિની તકોનો મહત્તમ સંમિશ્રણ★માંથી લાભ.

આ યોજના નિમ્નલિખિત ચાહતા રોકાણકારો માટે અનુરૂપ છે#:

- લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ.
- મુખ્યત્વે ઈક્વિટી અને ઈક્વિટી સંબંધી સાધોમાં રોકાણ અને અમુક હિસ્સો (25% થી 35% વચ્ચે) નિશ્ચિત આવકનાં સાધનોમાં રોકાણ.
- યોજના **ઉચ્ચ જોખમ** ■ **(કથ્થઈ)** તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. રોકાણકારોએ સમજી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ ઉચ્ચ જોખમે છે.

**#રોકાણકારોએ તેમને માટે યોજના અનુરૂપ છે કે નહીં તે વિશે શંકા હોય તો તેમના ફાઈનાન્શિયલ એડવાઈઝર્સની સલાહ લેવી જોઈએ.**

**નોંધઃ** જોખમ નિમ્નલિખિત મુજબ આલેખિત કરી શકાય છેઃ

(કથ્થઈ) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ ઉચ્ચ જોખમે છે.

(પીળો) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ મધ્યમ જોખમે છે.

(વાદળી) રોકાણકારોએ જાણી લેવું જોઈએ કે તેમની મૂળ રકમ નીચા જોખમે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને આધીન હોય છે. સર્વ યોજના સંબંધી દસ્તાવેજો ધ્યાનપૂર્વક વાંચો.**

## રોકાણ ફિલસુફી

ટાટા બેલેન્સ્ડ ફંડ ઓછી અસ્થિરતા સાથેના પોર્ટફોલિયો પર મહત્તમ વળતરો ચાહતાં ઈક્વિટી અને ડેબ્ટ સાધનોના સંયોજનમાં રોકાણ કરે છે. યોજના બજારની સ્થિતિ અને દૃષ્ટિબિંદુને આધારે ઈક્વિટી અને ડેબ્ટ રોકાણોનો હિસ્સો સક્રિય રીતે વ્યવસ્થાપન કરે છે. ફંડનો હેતુ મૂડી વૃદ્ધિ અને આવક ઊપજનું સંયોજન ચાહવાનો છે. યોજના ઈક્વિટી બજારના દૃષ્ટિબિંદુ અનુસાર ડાઈવર્સિફાઈડ પદ્ધતિથી ઈક્વિટી હિસ્સાનું સક્રિય રીતે વ્યવસ્થાપન કરીને વળતરોમાં મહત્તમ ઉમેરો કરવાનો છે. ડેબ્ટ ફંડ ઓછી અસ્થિરતા સાથે વળતરો મહત્તમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ગુણવત્તાયુક્ત પેપર્સનો પોર્ટફોલિયો બનાવવા પર ભાર આપે છે. ડેબ્ટ હિસ્સો પોર્ટફોલિયોનો સ્થિર આવકનો પ્રવાહ ઊપજાવવાનું લક્ષ્ય રાખે છે. ઈક્વિટી રોકાણો ઈક્વિટી બજારમાં ઊંચામાં ભાગ લેવાની તક આપે છે અને ડેબ્ટ રોકાણો સામાન્ય ઈક્વિટી ફંડોની તુલનામાં ફંડને જોઈતી સ્થિરતા પૂરી પાડે છે.

## બેલેન્સ્ડ ફંડ્સ વિશેઃ

### વૃદ્ધિ અને આવકની તકોનું સંયોજનઃ

બેલેન્સ્ડ ફંડ્સ રોકાણકારોને લાંબે મૂડી વૃદ્ધિ ઊપજાવવા અને નિયમિત આવક પૂરી પાડવા ઈક્વિટી અને ડેબ્ટ સાધનોના સંયોજનમાં રોકાણ કરવાની તક આપે છે.

### ઈક્વિટી ફંડોની તુલનામાં નીચી અસ્થિરતા

બેલેન્સ્ડ ફંડ્સ ઈક્વિટી ફંડોની તુલનામાં નીચી અસ્થિરતા, પરંતુ ડેબ્ટ ફંડ્સ કરતાં બહુ જ ઊંચી અસ્થિરતાનો અનુભવ કરે છે. જોકે બેલેન્સ્ડ ફંડ્સ મુખ્યત્વે ઈક્વિટીઓમાં સન્મુખતાને લઈ ડેબ્ટ ફંડ કરતાં સંભવિત ઉચ્ચ વળતરોની તકો આપે પણ આપે છે.

## ટાટા બેલેન્સ્ડ ફંડ શા માટે?

### નીચી અસ્થિરતા સાથે મૂડી વૃદ્ધિ પર કેન્દ્રિત

- પોર્ટફોલિયો લાંબાથી મધ્યમ સમયગાળામાં ઈક્વિટીમાંથી મૂડી વૃદ્ધિ ઊપજાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- સ્થિર આવક ઊપજાવવા માટે ડેબ્ટમાં લઘુતમ 25% રોકાણ.

### નફાનું બુકિંગ અને નીચાભાવમાં ખરીદી કરવાની ચંત્રણા તરીકે આપોઆપ રિબેલેન્સિંગ

- આપોઆપ રિબેલેન્સિંગને લીધે નફો બુક થાય છે અને બજારની ચાલને લીધે ટૂંકાથી મધ્યમ સમયગાળાની તકોનો લાભ લઈ શકાય છે.

### પોર્ટફોલિયોનું સક્રિય વ્યવસ્થાપન

- ઈક્વિટી મોરચે સેક્ટર રોટેશન અને શેર પસંદગી વ્યૂહરચનાનું સંયોજન
- ડેબ્ટ હિસ્સો પોર્ટફોલિયોમાં સંભવિત મૂડી વૃદ્ધિ સાથે સ્થિર ઉપાર્જિત આવકો ઊપજાવવાનું લક્ષ્ય ધરાવે છે.
- પોર્ટફોલિયોમાં મોટા કેશ કોલ્સ નિવારે છે.

### સૈદ્ધાંતિક રીતે મજબૂત કંપનીઓનો પોર્ટફોલિયો

પોર્ટફોલિયોમાં નિમ્નલિખિત કંપનીઓનો સમાવેશ થાય છેઃ

- ઉચ્ચ રોકડ ઊપજ
- ઉચ્ચ મૂડી કાર્યક્ષમતા
- ઉત્તમ આવકની વૃદ્ધિની સંભાવના

### ઉધાર અને વ્યાજ દર જોખમ વ્યવસ્થાપન

ડેબ્ટ મોરચે ફંડ પોર્ટફોલિયોમાં ઉધાર અને વ્યાજ દર જોખમને લઘુતમ કરવાના લક્ષ્ય સાથે ડેબ્ટ સાધનોના સંયોજન મારફત નિયમિત આવક ઊપજાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## કોણે અને શા માટે રોકાણ કરવું જોઈએ

- ઈક્વિટી બજારમાં વૃદ્ધિની તકો અને ડેબ્ટ બજારમાં સ્થિર આવકની રીતે ઈક્વિટી અને ડેબ્ટ બંનેમાં ઉત્તમ.
- ઈક્વિટી પ્રત્યે પૂર્વગ્રહ સાથે ડેબ્ટ અને ઈક્વિટી રોકાણોનું સંયોજન જોતા રોકાણકારો
- ઘણાં બધાં તેજી અને મંદીનાં ચક્રોમાં 18 વર્ષનો કામગીરી ટ્રેક રેકોર્ડ
- ઈક્વિટી રોકાણકારો મધ્યમથી આક્રમક જોખમ ભૂખ અને 3 વર્ષ તથા વધુ રોકાણ સમયગાળાની લાંબા ગાળાની સંપત્તિ નિર્માણ રોકાણ ક્ષિતિજ ચાહે છે
- યોજના ઈક્વિટી સ્કીમ તરીકે વર્ગીકૃત હોવાથી સામાન્ય ઈક્વિટી યોજના જેવા લાભો

વિતરક :